# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
## સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬
## જિ. : બનાસકાંઠા

**વંચાણે લીધા :** ૧. વિર્સજીત ગુ.કૃ.યુ. ના જાહેરનામા ક્રમાંકઃ ક્રમાંક ગુકૃયુ/રજી/એસીએ.૨/૨૭૩૩–૬૬, તા.૧૯/૬/૧૯૭૬.
૨. ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ગસ/૩૩/૨૦૨૦/જસર/૧૦૨૦૨૦/૫૦૦/ઘ, તા.૨૮/૧૦/૨૦૨૦.

**–:: પરિપત્ર ::–**

આથી આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ–૨ ના જાહેરનામાથી દિવાળીના તહેવાર નિમિત્તે તા.૪/૧૧/૨૦૨૧ ગુરૂવાર (દિવાળી), તા.૫/૧૧/૨૦૨૧ શુક્રવાર (નૂતન વર્ષ) અને તા.૬/૧૧/૨૦૨૧ શનિવાર (ભાઈ બીજ)ની રજાઓ જાહેર કરવામાં આવેલ છે. તથા તા.૭/૦૧/૨૦૨૧ના રોજ રવિવારની જાહેર રજા છે.

યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ દિવાળીના તહેવાર નિમિત્તે તેમના કુટુંબ સાથે વતનમાં જઈ દિવાળી પર્વની આનંદ ઉલ્લાસથી ઉજવણી કરી શકે તેવા શુભ આશયથી વંચાણે લીધેલ ક્રમ–૧ ના જાહેરનામાથી માન. કુલપતિશ્રીને એનાયત થયેલ સત્તાની રુએ **આ યુનિવર્સિટી ખાતે "Peer Review Team"ની તા.૨૪/૦૯/૨૯૨૧ થી તા.૨૬/૦૯/૨૦૨૧ દરમિયાનની મુલાકાત વખતે તા.૨૫/૦૯/૨૦૨૧ (ચોથો શનિવાર) અને તા.૨૬/૦૯/૨૦૨૧ (રવિવાર), દિન–૦૨ની જાહેર રજાઓ દરમિયાન સર્વે કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવેલ હતી,** તેના બદલામાં દિવાળીની રજાઓ સાથે જોડાણ કરી તા.૮/૧૧/૨૦૨૧ (સોમવાર) અને તા. ૯/૧૧/૨૦૨૧ (મંગળવાર) એમ કુલ દિન–૦૨ની વધારાની રજાઓ જાહેર કરવામાં આવે છે.

ઉપરોક્ત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે કચેરી / યુનિટ /સબયુનિટ કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરી વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

જા.નં.સદાંકૃયુ/રજી/એડીએમ.૩.૧/૧૦૩૨૨-૩૨૮/૨૦૨૧,
તારીખ :– ૨૮/૧૦/૨૦૨૧

J.B. Vadodaria
**કુલસચિવ**

**<u>નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.</u>**
– આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
– તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ.
– નિયામકશ્રી, આઈ.ટી. વિભાગ , સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ સદર પરીપત્ર વેબસાઈટ ઉપર મુકવા સારું.
– પોસ્ટ માસ્ટરશ્રી,સબ પોસ્ટ ઓફીસ, દાંતીવાડા શાખા, સરદારકૃષિનગર.

**<u>નકલ રવાના જાણ તથા ઘટતું થવા સારૂ.</u>**
– કુલપતિશ્રી / કુલસચિવશ્રી ના રહસ્ય સચિવશ્રી સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
– મદદનીશ સલામતિ અધિકારીશ્રી,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
– આ વિભાગની તમામ શાખાઓ તરફ.
–હુકમ ફાઈલ / સિલેકટ ફાઈલ/પરિપત્ર ફાઈલ